| | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા . | ૧૦/૦૧/૨૦૧૨ |
| રજુ કર્યા તા. | ૧૦/૦૧/૨૦૧૨ |
| ફેંસલ કર્યા તા. | ૦૨/૦૪/૨૦૧૯ |
| સમય મર્યાદા | વર્ષ– માસ– દિવસ– |

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૧૪ અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. :– ૧૪૦૦૨૭૫/૨૦૧૨**

ફરીયાદી :– સ ર કા ર

વિરુધ્ધ.

આરોપી :– પ્રકાશભાઈ પ્રભાતભાઈ પટણી. ઉ.વ.૨૨.
રહે:–અશોકવાડી,પતરાવાળી ચાલી,પોટલીયા
એવરેસ્ટ સિનેમા સામે,સરસપુર,અમદાવાદ.

**ગુન્હો:–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા બી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબ.**

**સરકાર તરફે : વિ. એ.પી.પી. શ્રી રાઠોડ.**
**આરોપી તરફે: વિ. વ. શ્રી યુ.જી.પ્રજાપતી.**

**-// ચુ કા દો //-**

(૧) આ કામની ફરીયાદની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ સાહેદ નં.૪ સાથે બોલાચાલી ઝગડો ગઈ તા.૪/૧૨/૧૧ ના કલાક-૧૯.૩૦ વાગે થતાં ફરીયાદી તથા સાહેદ સોનેરીયા બ્લોક ખાતે ઉભેલ તે વખતે સાહેદ નં.૪ ને આરોપીએ માથાના ભાગે લાકડીનો ફટકો મારી ઈજાઓ કરી મારી નાખવાની ધમકી આપી ભાગી જઈ ગુનો કરવા બાબતે ફરીયાદીએ આરોપી વિરુધ્ધ બાપુનગર પોલીસ સ્ટેશનમાં તારીખ.૦૫/૧૨/૧૧ ના રોજ ઈ.પી.કો કલમ-૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા બી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબની ફરીયાદ કરતાં પોલીસે ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર. ૩૨૬/૧૧ થી ગુનો રજીસ્ટર્ડ કરેલ અને આરોપીને અટક કરેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાતાં આરોપી સામે ક્રિ.પો.કોડની કલમ-૧૭૩ અન્વયે ચાર્જશીટ દાખલ કરેલ હતું અને ઉપરોકત ક્રિમીનલ કેસ નંબરથી રજીસ્ટરે લેવામાં આવેલ હતો.

(૨) આ કામના આરોપી સામે ધોરણસરની સમન્સની બજવણી કરતાં વકીલશ્રી મારફત આરોપી હાજર થયા હતાં. તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ ની જોગવાઈઓને આધીન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવી હતી. ત્યાર બાદ આ કામના આરોપીની સામે આક્ષેપિત ગુનાનું ત્હોમતનામું આંક-૩ થી ફરમાવી વાંચી સમજાવી તેઓની પ્લી આંક-૪ થી રેકર્ડ કરતાં ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-: <u>ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો</u> :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ૫ | નિતાબેન રાકેશભાઈ પટણીની જુબાની. | ફરીયાદી |

**-: <u>ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો</u> :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૬ | ફરીયાદની કોર્ટની નકલ. |
| ૨. | ૭ | ગુનાવાળી જગ્યાના પંચનામાની કોર્ટની નકલ આરપીઓ તરફે આંકે પાડવા સામે વાંધો નથી તેવો શેરો કરતાં કામમાં સામેલ રાખેલ છે. |
| ૩. | ૮ | સારવાર સર્ટીફીકેટ આરોપી તરફે આંકે પાડવા સામે વાંધો નથી તેવા શેરા સાથે રજુ રાખેલ છે. |

(૪) ફરીયાદીને સમાધાન થયેલ હોઈ, તથા વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી લેખિત પુરાવા બંધની પુરશીશ આંક-૯ થી રજુ કરતાં ફરીયાદ પક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલા નથી.

(૫) આરોપીઓનું સી.આર.પી.સી ની કલમ-૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોઈ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૬) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પીશ્રી અને આરોપી પક્ષે વિ.વ.શ્રીની વિસ્તૃત દલીલ સાંભળી.

(૭) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે આ કામના આરોપીએ સાહેદ નં.૪ સાથે બોલાચાલી ઝગડો ગઈ તા.૪/૧૨/૧૧ ના કલાક-૧૯.૩૦ વાગે થતાં ફરીયાદી તથા સાહેદ સોનેરીચા બ્લોક ખાતે ઉભેલ તે વખતે સાહેદ નં.૪ ને આરોપીએ માથાના ભાગે લાકડીનો ફટકો મારી ઈજાઓ કરી મારી નાખવાની ધમકી આપતાં નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## -: મુદ્દાઓ :-

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ સાહેદ નં.૪ સાથે બોલાચાલી ઝગડો ગઈ તા.૪/૧૨/૧૧ ના કલાક-૧૯.૩૦ વાગે થતાં ફરીયાદી તથા સાહેદ સોનેરીયા બ્લોક ખાતે ઉભેલ તે વખતે સાહેદ નં.૪ ને આરોપીએ માથાના ભાગે લાકડીનો ફટકો મારી ઈજાઓ કરી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો કલમ-૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા બી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો સજાને પાત્રગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ આપુ છું.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

## -//કા ર ણો//-

(૯) **<u>મુદા નં - ૧ની ચર્ચા</u> :-**

હવે, આ કામે ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તે ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં આંક-૫ થી મુળ ફરીયાદી નિતાબેન રાકેશભાઈ પટણીને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ તા.૪/૧૨/૧૧ ના રોજ બનેલો. બનાવના દિવસે તેઓ સોનેરીયા બ્લોકની સામે તેમના પતિને બોલાવવા સારું ગયેલા અને તેમના પતિ સોનેરીયા બ્લોક કોર્નર પર ચા ની કીટલી પર આવેલા અને તે વખતે તેમના સગા સંબંધી તેમજ જેઠ જેઠાણી તેમના સાસુ સસરા પણ ચા ની કીટલી

પર આવેલા અને તે વખતે તેમના જેઠાણીના મા બાપ પણ ત્યાં આવેલા અને તે સમયે તેઓ અને તેમના પતિને અંદરો અંદર સામાન્ય બોલાચાલી થયેલી તે વખતે તા.૪/૧૨/૧૧ ના રોજ આશરે ૭.૩૦ વાગે તેમના બહેન હંસાબેન પણ ત્યાં આવેલા જેઓ હાલમાં મરણ ગયેલ છે. અને તે વખતે તેમની જેઠાણીના ભાઈ પ્રકાશ પ્રભાતભાઈ પટણી સાથે તેમની બહેન હંસાબેનને સામાન્ય બોલાચાલી થયેલી જેથી તેમણે હાલની આ ફરીયાદ આપેલી. જે ફરીયાદની કોર્ટની નકલ આ કામે આંક–૬ થી રજુ છે. બનાવમાં સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાંઈ બનેલ નહીં. બોલાચાલ થતાં માણસો ભેગા થઈ ગયેલા અને ધકકા મુકકી થતાં તેમની બહેન હંસાબેનને માથાના ભાગે વાગેલું જેથી ૧૦૮ બોલાવી તેને શારદાબેન હોસ્પિ.માં લઈ ગયેલાં. કોર્ટમાં હાજર આરોપીઓ તેમની બાજુમાં રહેતાં હોય તેમને તેઓ ઓળખે છે. આ ફરીયાદી સાહેદ ફરીયાદની કોઈ હકીકતને સમર્થન આપતાં નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ ની જોગવાઈ મુજબ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછતાં તેઓ ફરીયાદની હકીકત નકારે છે અને બચાવ તરફેની ઉલટમાં એ હકીકત સ્વીકાર્ય રાખે છે કે, આરોપીએ તેમની બહેનને કોઈ ઈજા પહોંચાડેલ નહીં કે કોઈ ધમકી આપેલી નહી. બનાવ સમયે આરોપીના હાથમાં કોઈ હથિયાર તેમણે જોયેલ નહીં.

(૯.૧) આમ આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામાની કોર્ટની નકલ આંક–૭ તથા સારવાર સર્ટીફીકેટની કોર્ટની નકલ આંક–૧૦ થી બચાવપક્ષે આંકે પાડી વંચાણે લેવા વાંધો નથી તેવો શેરો કરી આપતાં કામમાં દાખલ કરી આપવામાં આવેલ છે. આમ બનાવ વાળી જગ્યાની હકીકત સાચી છે. પરંતુ આજ આરોપીએ બનાવ વાળી જગ્યાના સ્થળે સાહેદ નં.૪ લાકડીનો ફટકો મારી ઈજા કરી, ગંદી ગાળો બોલેલ હોય તે તેના સાક્ષીઓને તપાસી આ કામે પુરવાર કરવામાં આવેલ નથી.

આમ ફરીયાદી સાહેદ તેમની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થન આપતાં નથી અને ફરીયાદ હકીકતને નકારે છે અને હોસ્ટાઈલ જાહેર થયેલાં છે તેથી ફરીયાદ હકીકત ખુદ ફરીયાદીની જુબાનીથી શંકારહિત પુરવાર થવા પામેલ નથી. ફરીયાદપક્ષે રજુ રીકવરી પંચનામું ધ્યાને લેતાં આ કામના આરોપી પાસેથી લોખંડની પાઈપ તપાસ અધિકારી સમક્ષ રજુ

કરતાં તપાસ અધિકારીએ પંચો રૂબરૂ કબ્જે લીધેલાનું જણાઈ આવેછે. જે પંચનામા જેમના તેમ માની લઈએ તો પણ ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલ ખુદ ફરીયાદીએ આ કામના આરોપીને બનાવમાં સાંકળતો સ્પષ્ટ પુરાવો રજુ કરેલ ના હોય રજુ પંચનામાઓ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતાં હોવાનું માની શકાય નહીં.

આ કામે ફરીયાદપક્ષે પંચો તથા તપાસ કરનાર અધિકારી વગેરે સાહેદોને તપાસવામાં આવેલાં નથી પરંતુ ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલ ફરીયાદી જેવા મહત્વના સાહેદની જુબાનીથી બનાવ શંકસ્પદ બની રહે છે તેથી ફરીયાદપક્ષે સોગંદ ઉપર નહીં તપાસેલ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ હોત તો પણ આ કેસના ગુણદોષ પર આવનાર પરિણામ પર કોઈ વિપરીત અસલ થાય નહીં. આમ ફરીયાદપક્ષ તેમનો કેસ તેમણે રજુ કરેલા પુરાવા ઓથી નિ:શંક પણે સાબિત કરી શકેલાં નથી.

**(૧૦)** આમ ઉપરોકત રજુ પુરાવો જોતાં ફરીયાદી તેમની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થન આપતાં નથી તેમજ બચાવપક્ષે ઉલટ તપાસ થતાં તેઓ તેમની ફરીયાદ હકીકતને સમર્થન આપતાં નથી અને આ કામના આરોપીએ સાહેદ નં.૪ સાથે બોલાચાલી ઝગડો ગઈ તા.૪/૧૨/૧૧ ના કલાક–૧૯.૩૦ વાગે થતાં ફરીયાદી તથા સાહેદ સોનેરીયા બ્લોક ખાતે ઉભેલ તે વખતે સાહેદ નં.૪ ને આરોપીએ માથાના ભાગે લાકડીનો ફટકો મારી ઈજાઓ કરી મારી નાખવાની ધમકી આપી હોય તેવી કોઈજ હકીકત પુરવાર થતી ન હોઈ જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ **''નકાર''** માં આપી, મુદ્દા નંબર– ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુ ક મ //–**

આ કામે આરોપી પ્રકાશ પ્રભાતભાઈ પટણી નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૧) તથા

બી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનાં શિક્ષાપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનાં આરોપીઓએ અગાઉ કરી આપેલ જામીન અને જાતમુચરકા રદ્દ કરવા અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ)અન્વયે નવા જામીન અને જાત મુચરકો અપીલ સમય સુધી અમલમાં રાખવાની બાંહેધરી સાથે રજુ કરવો.

આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

આ હુકમ આજ રોજ તા.૦૨ જી માહે–એપ્રીલ સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**(એચ.એન. દેસાઈ)**
**એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં. ૧૪, અમદાવાદ.**
**( GJ 00738 )**

**સ્થળ: અમદાવાદ.**
**તા.૦૨/૦૪/૨૦૧૯**

VB VALA, PA